NHSRCL
National High Speed Rail Corporation Ltd.

<u>પ્રેસ રિલિઝ</u>

નવી દિલ્હી, તારીખ:**01** જુલાઈ, **2021**

# શ્રી સતીષ અગ્નિહોત્રી નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે જોડાયા

શ્રી સતીષ અગ્નિહોત્રી, (IRSE:1982) (નિવૃ.), ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, રેલ વિકાસ નિગમ લિમિટેડ,એ 1 જુલાઈ 2021થી નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ચાર્જ સંભાળ્યો છે. તેઓ બેચલર ઓફ એન્જિનિયરિંગ (સિવિલ), 1982 અને માસ્ટર ઓફ એન્જિનિયરિંગ (સ્ટ્રક્ચર્સ), 1984ની ડિગ્રી મેળવી હતી. તેમણે આઈઆઈટી, રુરકીમાંથી બંને ડિગ્રી મેળવી હતી. ત્યાર પછી 2021માં તેમને આઈઆઈટી, રુરકી દ્વારા વિશિષ્ટ એલ્યુમ્નસ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

મેગા રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં શ્રી અગ્નિહોત્રી 20 વર્ષ કરતા વધારે અનુભવ ધરાવે છે. તેમણે રેલ વિકાસ નિગમ લિમિટેડ (આરવીએનએલ)માં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે લગભગ નવ વર્ષ સુધી કામ કર્યું છે, જે રેલવે મંત્રાલય હેઠળ શિડ્યુલ 'એ'માં આવતું સીપીએસઈ છે. તેઓ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એચએસઆરસી)ના ચેરમેનનું પદ પણ સંભાળ્યું છે. આ પદ તેમણે જુલાઈ 2012માં તેની સ્થાપના થઈ ત્યારથી ઓગસ્ટ 2018 સુધી સંભાળ્યું હતું જે આરવીએનએલની પૂર્ણ માલિકીની પેટાકંપની રહી હતી. HSRC વિવિધ હાઈસ્પીડ અભ્યાસ કરવા માટેની ભારતીય પક્ષ તરફની કાઉન્ટરપાર્ટ એજન્સી હતી. આ અભ્યાસ ચીન, સ્પેન વગેરે સાથે સરકારથી સરકારના ધોરણે કરવામાં આવ્યો હતો અને પાંચ હાઈ સ્પીડ રેલ કોરિડોરના શક્યતા અહેવાલ પૂર્ણ કર્યા હતા.

CMD/RVNL માં તેમના કાર્યકાળ દરમિયાન RVNLએ 7000 કિમીની પ્રોજેક્ટ લંબાઈ પૂર્ણ કરી હતી જેમાં 3000 કિમી ડબલિંગ/થર્ડ લાઈન, 880 કિમી મીટર ગેજ ટ્રેકનું બ્રોડ ગેઝમાં રૂપાંતરણ, 3000 કિમી રેલવે ઈલેક્ટ્રિફિકેશન, 85 કિમી નવી લાઈન, 6 ફેક્ટરી અને ઘણા પૂલોના નિર્માણનો સમાવેશ થાય છે. આંધ્ર પ્રદેશમાં એક નવી લાઈન પ્રોજેક્ટમાં 25 મહિનાના વિક્રમ સમયમાં 7 કિમી લાંબી ટનલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

સુષ્મા ગૌર
પ્રવક્તા/
એડિશનલ જનરલ મેનેજર / કોર્પ કોમ્યુ.
NHSRCL
ફોન 9810296813